ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૦-૧૦-૨૦૨૨**

- શ્રી અનંત પટેલ પરના હુમલાના તોહમતદારોને પકડવામાં નહી આવે તો આદિવાસીઓ આશ્ચર્યજનક કાર્યક્રમો આપશે – સુખરામ રાઠવા
- આ હુમલો એ ધારાસભ્ય અનંતભાઈ પટેલ ઉપરનો એકલા ઉપર ન હતો. આ હુમલો આખા આદિવાસી સમાજનો અવાજ દબાવવા માટેનો હુમલો હતો – અમિત ચાવડા
- જો ન્યાય નહીં મળે તો કોઈપણ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થાય તેના માટેની જવાબદારી રાજ્ય સરકારની રહેશે – અમિત ચાવડા

ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતાશ્રી સુખરામ રાઠવાએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં ધારાસભ્યશ્રી અનંતભાઈ પટેલ પર ભાજપ પ્રેરિત ત્યાના સ્થાનિક ભારતીય જનતા પક્ષના આગેવાનો અને પ્રમુખશ્રીએ જે હુમલો કર્યો છે તેના વિરોધમાં આદિવાસી સમાજમાં ભારેલો અગ્ની છે. 72 કલાકનું અલ્ટીમેટમ આપવામાં આવેલ છે કે, તોહમતદારોને પકડવામાં નહી આવે તો ત્યાના આદિવાસીઓ અલગ અલગ આશ્ચર્યજનક કાર્યક્રમો આપશે. આ હુમલો અનંત પટેલ ઉપરનો નહીં પણ આદિવાસી સમાજ ઉપરનો હુમલો છે. આ બાબતે કોઈ ઉગ્રસ્વરૂપ ધારણ ન થાય તેની જવાબદારીના ભાગરૂપે સરકારના મુખ્યમંત્રી અને ગૃહમંત્રી અને તાત્કાલીક પગલા લે તેવી વિનંતી કરું છું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, જે રીતે ગુજરાતમાં ભાજપ પ્રેરીત ગુંડારાજ ચાલે છે તેનો અનુભવ અને ચિતાર દેશ અને ગુજરાતે જોયો. દક્ષિણ ગુજરાતમાં આદિવાસી સમાજના હક્ક અને અધિકારની લડાઈનું સતત નેતૃત્વ કરતા અમારા સાથી ધારાસભ્યશ્રી અનંત પટેલ પર હિચકારો હુમલો કરવામાં આવ્યો. તેની જાત મુલાકાત અને સ્થળ તપાસ કરવા ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતાશ્રી સુખરામ રાઠવાના નેતૃત્વમાં કોંગ્રેસનુ પ્રતિનિધિ મંડળ ત્યાં પહોંચ્યુ હતુ અને જે રીતે લોકોના મોઢે અને સામાન્ય આદિવાસી યુવાનોના મોઢે આપવીતી સાંભળવામાં આવી ત્યારે ખરેખર એવું લાગ્યું કે, ગુજરાતમાં કોઈપણ જાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નથી. ફક્તને ફક્ત ભાજપ પ્રેરિત ગુંડા રાજ હોય એવી સ્થિતીનું નિર્માણ થયું છે. આ હુમલો એ ધારાસભ્ય અનંતભાઈ પટેલ ઉપરનો એકલા ઉપર ન હતો. આ હુમલો આખા આદિવાસી સમાજનો અવાજ દબાવવા માટેનો હુમલો હતો. આ હુમલાની પાછળ જો કોઈ માસ્ટર માઈન્ડ હોય તો તે ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ સી.આર.ભાઉ છે અને તેમના જ આશીર્વાદથી આ ઘટના બની હોય તેવુ ત્યા લોકમુખે ચર્ચાઈ રહ્યું છે, ત્યાંના યુવાનો દ્વારા સી.આર. ભાઉ દ્વારા અહિયા ડરનો માહોલ ઉભો કરવાનો ઘણા લાંબા સમયથી પ્રયત્ન ચાલી રહ્યાં છે તેના ભાગ સ્વરૂપે અનંત પટેલ પર હુમલો થયો અને એજ દિવસે આદિવાસી સમાજના આંદોલનકારી યુવાનોના ઘરે જઈને પણ હુમલા કરવામાં આવ્યાં છે. ધરમપુર તાલુકામાં પોલીસની ચાર-ચાર ગાડીઓ હાજર હોય તેમ છતાં પોલીસની હાજરીમાં આદિવાસી સમાજના યુવાનોના ઘરે જઈ દંડાથી લાકડીઓથી હુમલો કરવામાં આવ્યો અને તેઓ હોસ્પિટલમાં જીવન - મરણ વચ્ચે ઘાયલ થઈને લડાઈ લડી રહ્યાં છે. અમે તે લોકોને મળ્યાં છીએ ત્યારે આ હુમલો ચૂંટણીમાં લોકોનો વિરોધ દબાવવા માટે કરવામાં આવ્યો છે. દેશના ગૃહમંત્રી જ્યારે ઉનાઈ ખાતે મુલાકાત લેવાના હોય ત્યારે તેમની મુલાકાત પહેલા ડર અને ભયના માહોલની પરિસ્થિતિનું આયોજન પૂર્વક નિર્માણ કરવામાં આવ્યું છે. કોઈપણ વ્યક્તિ કોઈપણ મુદ્દે સરકારનો વિરોધ ના કરે તેટલા માટે વ્યવસ્થિત કાવતરાના ભાગરૂપે આ હુમલો થયો છે. જે દિવસે હુમલો થયો એ દિવસે હજારોની સંખ્યામાં લોકો ભેગા થયા હતા. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ના વણસે એના ભાગ સ્વરૂપે સરકારને 72 કલાકમાં ગુન્હેગારોને શોધીને તેની ધરપકડ કરવામાં ન આવે તેના માટે અલ્ટીમેટમ

આપેલ છે. જો આ નહીં થાય તો ગૃહમંત્રી જ્યારે અહિં આવશે ત્યારે આદિવાસી સમાજને ન્યાય નહી મળે, ભવિષ્યમાં તેમનું રક્ષણ નહીં થાય અને ગુંડા રાજ બંધ નહી થાય તો તેમના સરકારી મંડપમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજ હજારોની સંખ્યામાં ત્યાં જઈને ન્યાય માટેની લડાઈ લડવા કટીબધ્ધ છે. જો સરકાર તાત્કાલીક પગલા નહીં લે તો આવનારા દિવસોમાં આદિવાસી સમાજ દ્વારા રસ્તાઓ ઉપર ઉતરીને કોઈપણ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થાય તેના માટેની જવાબદારી રાજ્ય સરકારની રહેશે તેવી સ્પષ્ટ ચિમકી આપું છું. ફરીથી સરકારને એકવાર કહેવા માંગીએ છીએ કે, તાત્કાલીક પગલા ભરો જેથી કરીને ભવિષ્યમાં કોઈ અઘટીત ઘટના ન બને અને કાયદો - વ્યવસ્થાની સ્થિતી જળવાઈ રહે તે માટે વિનંતી પણ કરીએ છીએ અને પ્રજાના આક્રોશને ચિમકી સ્વરૂપે રજુ કરીએ છીએ.

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ શ્રી અમિત ચાવડા અને ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શ્રી સુખરામ રાઠવા, રાજ્યસભા સાંસદ શ્રી નારાયણભાઈ રાઠવા, ધારાસભ્ય શ્રી ચન્દ્રીકાબેન બારીયા, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવકતા શ્રી આલોક શર્મા, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ શ્રી ભીખાભાઈ રબારી, દાહોદ જિલ્લા પ્રમુખ શ્રી હર્ષદ નિનામાં અને મીડિયા કોરડીનેટર હેમાંગ રાવલ ઉપસ્થિત રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
મીડીયા કોર્ડીનેટર